જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૯/૨૦૧૪ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૫૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૪૬ લીટર દેશી દારૂ, ૬૩ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૦૧ ક્વૉટર ઇગ્લીશ દારૂ અને ૩૦૪ બિયર ટીન કબ્જે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૬૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૪૬૧/૧૪**

**દાણીલીમડા :** સમીરખાન ઇકબાલખાન પઠાણ (રહે. ફીરોજાવીલા વેજલપુર રોડ જુહાપુરા)એ તા.૨૮/૯/૧૪ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૯/૧૪ થી એકાદ માસ પહેલાનાં સમયગાળા દરમ્યાન આરોપી સલીમ ઉસ્માનભાઇ શેખ (રહે.સંજરપાર્ક, વિભાગ-૨, બેરલમાર્કેટ અંદર દાણીલીમડા) એ નોકરીની લાલચ આપી સમીરખાન પાસેથી ટુકડે ટુકડે કુલ રૂપિયા ૭૦,૦૦૦/- મેળવી, કહ્યા મુજબ નોકરી નહી અપાવી સમીરખાન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.વસાવા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૪૬૨/૧૪**

**ઈસનપુરઃ** રાજેન્દ્રભાઈ ગોપાલભાઈ ચૌધરી (રહે. ચંદ્રલોક સોસાયટી કેડીલા રોડ ઘોડાસર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૯/૧૪ સાંજના ૫/૪૫ થી સાંજના ૭/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોનાના પાટલા નંગ-૪,સોનાની બંગડી નંગ-૮, સોનાનુ મંગળસુત્ર,સોનાનુ ડોક્યુ,સોનાની કાનની શેર નંગ-૪, સોનાની વીંટી નંગ-૬,કાનની બુટ્ટી નંગ-૨,ચાંદીની પાયલ નંગ-૪, તેમજ નાના છોકરાની વિંટી,ચાંદીનો જુડો,ગ્લાસ,પગમાં પહેરવાની વિંટી અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૧૦,૦૩,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી એસ પટેલ ચલાવે છે.

**કારંજઃ** સરોજબહેન બલુભાઈ પટેલ (રહે. અનુરાગ રો હાઉસ સરકારી ટ્યુબ વેલ પાસે બોપલ) એ તા.૨૯/૯/૧૪ નારોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૯/૧૪ સાંજના ૬/30 થી તા.૨૯/૯/૧૪ સવારના ૧0/30 વાગ્યા દરમ્યાન કારંજ લાલદરવાજા જીલ્લા પંચાયત બાલ વિકાસ યોજનાની ઓફીસના તાળા તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાંથી કોમ્પ્યુટર સેટ અને બેટરી મળી કુલ કિમત રૂપિયા ૩૧,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ચલાવે છે.

**દુષ્પ્રેરણઃ-** **સમાચાર યાદી નં.૨૪૬૩/૧૪**

**ઓઢવઃ** કૃષ્ણકુમાર મધુનારાયણ મિશ્રા (રહે.સીવીલ લાઈન બસ્તી શહેર ગામ વેલસુહી યુ.પી.) એ તા.૨૯/૯/૧૪ નારોજ ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી અંતરાબહેનને તેના પતિ વિશાલભાઈ અશોકભાઈ પટેલ અને સાસરીયાના શારીરીક તેમજ માનસીક ત્રાસના લીધે તા.૨૩/૯/૧૪ સાંજના ૫/00 વાગ્યાનાં સુમારે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી એસ બારીયા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૪૬૪/૧૪**

**આનંદનગરઃ** રશમીબહેન મીલનભાઈ અંબાવી (રહે. પુષ્પક એપાર્ટમેન્ટ જોધપુર ગામ સેટેલાઈટ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના ઘરે કામ કરતો મુકેશ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) તા.૨૯/૯/૧૪ નારોજ ઘરમાંથી સોનાનો દોરો અને સેમસંગ એસ-૨ મોબાઈલ ફોન મળી કિમત રૂપિયા ૬૫,000/- મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી પ્રહલાદભાઈ ગણેશભાઈ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૬૫/૧૪**

**મણીનગરઃ** ઈશીકાબહેન જયદીપ મેનાની (રહે.કૃષ્ણકુંજ સોસાયટી મણીનગર) તા.૨૯/૯/૧૪ બપોરના ૪/30 વાગ્યાના સુમારે કેશર પામ્સ એપાર્ટમેન્ટ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ઇશીકાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨0,000/- ખેચી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઇશીકાબહેન મેનાનીએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન જી ચૌધરી ચલાવે છે.

**પીણામાં કેફી પદાર્થ પીવડાવી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૪૬૬/૧૪**

**ઓઢવઃ** મહેશભાઈ માનસંગજી ઠાકોર (રહે.કણભા ગામ ઠાકોરવાસ તાલુકો દાસક્રોઈ જીલ્લો અમદાવાદ) એ તા.૨૯/૯/૧૪ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૯/૧૪ કલાક ૧૧/00 વાગ્યાના સુમારે વિરમગામ કોટની રંગેરાગે નજીક અજાણ્યા પુરૂષે મહેશભાઈને કેફી પદાર્થ ભેળવેલ માઝા પીવડાવી મહેશભાઈને બેભાન કરી મહેશભાઈની બોલેરો પીકઅપ જીપ ડાલુ કિમત રૂપિયા ૫,00,000/- મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૨,૫00/- લઈ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી ડી મોરી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૪૬૭/૧૪**

**એલીસબ્રીજઃ** નિલેશભાઈ રોહીતભાઈ શાહ (રહે.આનંદનગર સોસાયટી ભઠ્ઠા પાલડી) એ તા.૧૬/૯/૧૪ રાતના ૧૧/૦૦ વાગે પોતાના રહેણાંક નજીક મારૂતિ અલ્ટો કાર નંબર જીજે ૧ એચ કે ૬૨૨૦ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૭/૯/૧૪ કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ નિલેશભાઈ શાહે તા.૨૯/૯/૧૪ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ફતેસિંહ રૂપાભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૪૬૮/૧૪**

**દાણીલીમડા :** રંજનબહેન પ્રકાશભાઇ સુમેરા (ઉ.વ.૩૨)(રહે.દુધવાળી ચાલી, બહેરામપુરા દાણીલીમડા) એ મગજની બિમારીથી કંટાળી તા.૨૯/૯/૧૪ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડાના પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.રાઓલ ચલાવે છે.

ઉપરોકત મૃત્યુ પામનાર રંજનબહેનનાં પિતા મનજીભાઇ દેવાભાઇ રાઠોડ(રહે.સવગણનગર વિભાગ-૧, જૈન મંદિર પાસે, રબારી કોલોની અમરાઇવાડી) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાની પુત્રી રંજનબહેન એ તેના સાસરી પક્ષનાં માણસો દ્વારા અપાતા માનસીક અને શારીરીક ત્રાસને કારણે કંટાળી જઇ આત્મહત્યા કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.રાઓલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.